બિનસભાસદોના નામે બોગસ લોન દર્શાવી અને ચેકો ઇશ્યૂ કરી લાખો રૂપિયાની ઉચાપત આચર્યાનો પર્દાફાશ

GEBના કર્મચારીઓને બોગસ લોનનો કરંટ

પૂર્વ મહિલા મંત્રીએ મળતીયાઓના નામે 19 બોગસ લોન પાસ કરી ૩.77.86 લાખની ઉચાપત આચરી

હિસાબોમાં અનિયમિતતા જણાતા પ્રોગ્રામર દ્વારા કરાયેલી તપાસમાં કૌભાંડ બહાર આવ્યું

વલસાડ : વલસાડ ખાતે કાર્યરત ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ (GEB) એમ્પ્લોઇઝ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીમાં થયેલા મોટા નાણાકીય કૌભાંડનો પર્દાફાશ થતાં સહકારી ક્ષેત્રમાં ભારે ચકચાર મચી છે. સોસાયટીના પૂર્વ મંત્રી ચાંદનીબેન પટેલે સોસાયટીના હોદ્દાનો દુરુપયોગ કરી, જે લોકો સંસ્થાના સભાસદ પણ નહોતા તેવા મળતીયા માણસોના નામે બોગસ લોન દર્શાવીને 77.86 લાખથી વધુની ઉચાપત આચરી હોવાનું ખુલ્યું છે. આ ગંભીર નાણાકીય છેતરપિંડી અંગે વલસાડ સીટી પોલીસે મહિલા મંત્રી સામે વિશ્વાસઘાત અને ઉચાપતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

સોસાયટીના વર્તમાન પ્રમુખ દિવ્યેશકુમાર મૈસુરીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી ચાંદનીબેન અરવિંદભાઈ પટેલ (હાલ રહે. ખેરગામ, મૂળ રહે. ફણસવાડા) સોસાયટીમાં મંત્રી હતા. આ સમયગાળા દરમિયાન સંસ્થાના રોજમેળ અને ખાતાવહીમાં લાંબા સમય સુધી એન્ટ્રીઓ કરવામાં આવી નહોતી. 18 મહિના જેટલા સમય સુધી સોફ્ટવેરમાં હિસાબો અપડેટ ન થતાં શંકા ઉપજી હતી. ત્યારબાદ સોસાયટીએ હિસાબી કામગીરી માટે બહારથી પ્રોગ્રામર બોલાવી સમગ્ર ખાતાવહીની તપાસ કરાવતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. તપાસની ગંધ આવી જતાં મહિલા મંત્રી કોઈને પણ જાણ કર્યા વિના અચાનક નોકરી છોડીને ગાયબ થઈ ગઈ હતી.

સભ્યના પગારમાંથી લોનનો હપ્તો કપાવા લાગ્યો

હદ તો ત્યારે થઈ જ્યારે સોસાયટીના એક વાસ્તવિક કર્મચારી સભ્યના પગારમાંથી લોનનો હપ્તો કપાવા લાગ્યો, જ્યારે તેમણે વાસ્તવમાં કોઈ લોન લીધી જ નહોતી. સમગ્ર મામલે જિલ્લા રજિસ્ટ્રાર કચેરી દ્વારા સ્પેશિયલ ઓડિટર અને તપાસણી અધિકારી મારફતે સહકારી કાયદા હેઠળ વિસ્તૃત તપાસ કરાવવામાં આવી હતી. તપાસ સમક્ષ ચાંદનીબેને ગેરરીતિ આચર્યાની કબૂલાત કરી રકમ ભરપાઈ કરવાની બાંહેધરી પણ આપી હતી, પરંતુ બાદમાં લાખો રૂપિયાના ચેકો બાઉન્સ થયા હતા. જિલ્લા રજિસ્ટ્રારના તપાસ અહેવાલના આધારે સોસાયટીની વર્તમાન વ્યવસ્થાપક કમિટીને જવાબદારીમાંથી મુક્ત કરી ઉચાપત કરનાર પૂર્વ મંત્રી અને તેના મળતીયાઓ સામે વલસાડ સીટી પોલીસે ગુનો નોંધી આગળનો કાયદેસરનો સકંજો કસ્યો છે.

ઓડિટ દરમિયાન બહાર આવેલી ઉચાપત

- સોસાયટીના સભાસદોના નામ જેવા જ બોગસ નામ ઊભા કરાયા
- ડિસ્ટ્રિક્ટ બેંકના ખાતામાંથી 19એકાઉન્ટ પે અને બેરર ચેકો ઇશ્યૂ કરાયા
- ચેકો થકી ૩.73.90 લાખ સીધા મળતીયાઓના ખાતામાં જમા કરાવાયા
- હંગામી રોકડ સિલકના ૩.3.96 લાખ મળી કુલ ૩.77,86,407 ની ઉચાપત
- લોન ફોર્મ કે જામીનગીરીના દસ્તાવેજો સોસાયટીના દફતરે હતા જ નહીં.

પાલિકાએ નોટિસ ફટકારી છતાં સેવા યથાવત રહેતા રોષ

વલસાડમાં નિયમો નેવે મૂકી 'બ્લિંકઇટ'નું ગેરકાયદે બાંધકામ

બિનખેતી વગરની અને કોમર્શિયલ મંજૂરી વિનાની ભાડાપટ્ટાની જમીન પર ઇમારત ઊભી કરી દેવાઈ

સામાન્ય પ્રજા માટે કડક નિયમો અને મલ્ટિનેશનલ કંપની સામે માત્ર નોટિસ

સરકારી તંત્રની નોટિસ છતાં બ્લિંકઇટના સંચાલકો પર તેની કોઈ અસર જોવા મળી નથી અને તેમની ડિલિવરી સેવાઓ યથાવત ધમધમી રહી છે. તંત્રની આંખ નીચે જ નિયમોના ધજાગરા ઉડાડીને શરૂ કરાયેલા આ ગોરખધંધા સામે સામાન્ય પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો હવે એ સવાલ ઉઠાવી રહ્યા છે કે શું કાયદાના નિયમો માત્ર સામાન્ય નાગરિકો માટે જ છે?

વલસાડ : સામાન્ય માણસને જો નાનકડી દુકાન કે ઘરનું નાનું બાંધકામ કરવું હોય, તો પાલિકાના ધક્કા ખાવા પડે છે, સીસી સર્ટિફિકેટ અને ઢગલાબંધ લાયસન્સ માટે પરસેવો પાડવો પડે છે. પરંતુ વલસાડમાં ક્વિક-કોમર્સ ક્ષેત્રની જાણીતી કંપની 'બ્લિંકઇટ' માટે કાયદાના નિયમો સાવ ગૌણ બની ગયા છે. પાલિકાની મંજૂરી વિના જ આખી ઇમારત ઊભી કરી દેવાતા પાલિકાના બાંધકામ વિભાગે નોટિસ ફટકારી છે.

જે જમીન પર આ સમગ્ર બાંધકામ ખડકી દેવામાં આવ્યું છે તે ભાડાપટ્ટે લીધેલી છે. આશ્ચર્યની વાત એ છે કે આ જમીન હજુ સુધી બિનખેતી (NA) પણ થઈ નથી કે નથી તેને વાણિજ્યિક (કોમર્શિયલ) ઉપયોગ માટેની કોઈ મંજૂરી મળી. આ મામલે પાલિકાના એન્જિનિયર અનસુયાબેને સ્પષ્ટતા કરી છે કે નિયમોનો સરેઆમ ભંગ કરીને બાંધકામ કરવામાં આવ્યું હોવાથી તંત્ર દ્વારા નોટિસ પાઠવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

પારડી APMCમાં રણછોડ પટેલનો દબદબો યથાવત્, વિપક્ષની હાર

વિરોધી પક્ષના અમિત પટેલની કારમી હાર, છેલ્લા ૨૦-૨૫ વર્ષથી રણછોડભાઈ પટેલનો દબદબો યથાવત

આગામી ૩૦ દિવસમાં ચેરમેન માટેની પ્રક્રિયા હાથ ધરાશે

અમૃત પટેલ

પારડી : પારડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણી બાદ મતદાન ગણતરીની પ્રક્રિયા આજરોજ હાથ ધરવામાં આવી હતી.

જિલ્લા સહકારી મંડળી રજિસ્ટ્રાર અધિકારી બ્રિજેશભાઈના રાહબારી હેઠળ એમની ટીમ દ્વારા મતદાન ગણતરી અંગેની કામગીરી સવારે શરૂ કરવામાં આવી હતી. ગણતરી બાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં રણછોડભાઈ પટેલની પેનલના ચાર ઉમેદવારો બિનહરીફ થયા હતા અને દસ ઉમેદવારો ચૂંટણીમાં ઊભા હતા જે તમામ 10 ઉમેદવારોનો ચૂંટણીમાં ભવ્ય વિજય થયો છે. વિજેતા ઉમેદવારોમાં રણછોડ પટેલ, કિરણસિંહ ઠાકોર, આશિષ પટેલ, હિતેશ પટેલ, ચંદ્રકાંત પટેલ, જગદીશ પટેલ, પ્રવિણ પટેલ, બીપીન પટેલ, સુભાષ પટેલ, હરીશ પટેલનો ભવ્ય વિજય થયો હતો, જ્યારે એમની સામે અમિત પટેલની કારમી હાર થઇ હતી.

રણછોડભાઈ પટેલની પેનલ પર ફરીથી વિશ્વાસ મૂકી જીત અપાવવા બદલ તમામને અભિનંદન આપ્યા હતાં. માજી ચેરમેન રણછોડભાઈ પટેલ અંદાજે છેલ્લા 20 થી 25 વર્ષથી ચૂંટણીમાં વિજેતા થતા આવ્યા છે. જે પ્રમાણે વિકાસલક્ષી કામો ચાલી રહ્યા છે એ જ પ્રમાણે વિકાસલક્ષી કામો સતત ચાલુ રહેશે અને ખેડૂત ઉપયોગી કામો થતા રહેશે એવો વિશ્વાસ આશિષભાઈએ વ્યક્ત કર્યો હતો. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સેક્રેટરી જયવદન પટેલ સાથે કર્મચારીઓનો સહયોગ રહ્યો હતો. ચૂંટણીના પરિણામ બાદ ચેરમેન માટેની પ્રક્રિયા 30 દિવસમાં થશે હોવાનું ચૂંટણી અધિકારી બ્રિજેશભાઈ જણાવ્યું હતું.

ચણોદમાં મહિલા કોર્પોરેટરના પતિ પર ચાર જણાનો હુમલો

રહેણાંકનો દાખલો બનાવી આપવા બાબતના વિવાદ મામલે ત્રણ કારમાં આવેલા ચાર શખ્સોએ માર માર્યો

વાપી : વાપીના ચણોદ ગામના સાગ ફળિયામાં રહેતા અને આર.ઓ. પ્લાન્ટ ચલાવતા નિલેશભાઈ મગનભાઈ પટેલ (ઉં.વ. 43) ની પત્ની વાપી મહાનગરપાલિકામાં કોર્પોરેટર છે. ગામના એક નાગરિક બાપદાદાના વખતથી તે વિસ્તારમાં રહેતા હોય, તેમણે રહેઠાણ અંગેના દાખલા માટે અરજી કરી હતી. આથી નિલેશભાઈએ કમ્પ્યુટરમાં દાખલો ટાઈપ કરી આપ્યો હતો અને કોર્પોરેટર પત્નીએ તેના પર સહી કરી આપી હતી.

આ દાખલો જે મકાન અંગે કઢાવવામાં આવ્યો હતો, તે જગ્યા ફેનિલ ઉર્ફે લાલુ મુકેશભાઈ પટેલના નામે બોલે છે અને તેઓ વચ્ચે અંદરો-અંદર વિવાદ ચાલી રહ્યો છે. ગત 8 સપ્ટેમ્બર 2026ના રોજ રાત્રિના સમયે નિલેશભાઈ પોતાની વાડીમાં પતરાના શેડ નીચે બેઠા હતા, ત્યારે ત્રણ કારમાં ચાર શખ્સો ત્યાં આવ્યા હતા.

આ હુમલામાં ફેનિલ ઉર્ફે લાલુ મુકેશભાઈ પટેલ (રહે. નાની સુલપડ), સરફરાજ ઉર્ફે લાલુ ફયાઝ ખાન (રહે. સુલપડ), પ્રજ્ઞેશ ઉર્ફે પગુ કલાણભાઈ પટેલ (રહે. મોટી સુલપડ) અને ભાવેશ શંકર પટેલ (રહે. ચણોદ ગામ) સામેલ હતા. આરોપી ભાવેશના હાથમાં લાકડાનો દંડો હતો. ફેનિલે "તે કેમ મારી જમીનનો દાખલો બનાવી આપ્યો છે?" તેમ કહી ઉશ્કેરાઈને આદિવાસી જંગલી જેવા જાતિવિષયક અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા હતા અને નિલેશભાઈનો કોલર પકડી લીધો હતો. ત્યારબાદ ફેનિલ, સરફરાજ અને પ્રજ્ઞેશે ભેગા મળીને નિલેશભાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો. જ્યારે ભાવેશે હાથમાં રહેલા લાકડાના દંડાથી માથામાં પ્રહાર કરવાની કોશિશ કરી હતી.

જોકે, તે સમયે નિલેશભાઈની સાથે બેસેલા અન્ય લોકોએ વચ્ચે પડીને છોડાવ્યા હતા. આ સમગ્ર બનાવ અંગે ભોગ બનનાર નિલેશ પટેલે ચારેય હુમલાખોરો સામે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આગળની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વિકાસના આયોજન-સભ્યોના પ્રશ્નોના જવાબો ન મળતા ઉગ્ર ટિપ્પણી

ઉમરગામ તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભામાં હોબાળો મચ્યો

વિપક્ષી સભ્ય રાકેશ રાયે પૂર સહાય ન મળ્યા સાથે સામાજિક ન્યાય સમિતિની રચના નિયમ મુજબ ન થયાનો મુદ્દો ઉઠાવ્યો

ઉમેશ સાલકી

ઉમરગામ : ઉમરગામ તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભામાં વિકાસના કામોનું આયોજનમાં વિરોધ પક્ષના ચૂંટાયેલા સભ્યો સાથે અન્યાય કરવામાં આવતો હોવાનો આક્ષેપ ઉઠ્યો હતો.

ઉમરગામ તાલુકા પંચાયતના પ્રમુખ સંતોષભાઈની અધ્યક્ષતામાં ઉપપ્રમુખ હાર્દિકભાઈ તથા સભ્યોની ઉપસ્થિતિમાં ઉમરગામ તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા મળી હતી. સભામાં ગતસભાની કાર્યવાહીને વાંચને લઈ બહાલી આપવા, પંચાયતની વિવિધ સમિતિની કાર્યવાહી તથા 16 માં નાણાપંચ અને સ્ટેમ્પ ડ્યુટી ગ્રાન્ટ તાલુકા કક્ષાનીમાંથી વિકાસના કામોનું આયોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

સભામાં તાલુકા પંચાયતના વિરોધ પક્ષના સભ્ય રાકેશ રાયે એવો આક્ષેપ લગાવ્યો હતો કે વિકાસના કામો કરવા ખાસ કરીને વિરોધ પક્ષમાંથી ચૂંટાયેલા સભ્યો સાથે અન્યાય કરવામાં આવે છે અને તેમના વિસ્તારમાં કામો આયોજનમાં લેવામાં આવ્યા નથી. એટલું જ નહીં સભ્યોના પ્રશ્નોનો જવાબ પણ મળતો નથી. સામાજિક ન્યાય સમિતિની રચના પણ નિયમ મુજબ થઈ નથી એમ જણાવ્યું હતું.

તાલુકા પંચાયતના સભ્ય રાકેશ રાયે એવો પણ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો કે તારીખ 22 અને 23 જુલાઈના રોજ ઉમરગામ તાલુકામાં અતિ ભારે વરસાદ અને પૂરના કારણે અનેક લોકો અસરગ્રસ્ત બન્યા હતા. આજે પણ 40 ટકા લોકોને સરકારની સહાયની મળવા પાત્ર લાભ રકમ હજી મળી નથી અને લોકો આટા ફેરા મારી રહ્યા છે.

તાલુકાની ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત કચેરી ખાતે કરવાના વિકાસના કામો અંગે પણ તેમને વિરોધ નોંધાવ્યો હતો.

સભામાં સત્તા પક્ષ ભાજપના તાલુકા પંચાયતના હોદ્દેદારો સભ્યો અને વિપક્ષ વચ્ચે ટીકા ટિપ્પણી ચાલી હતી. એટલું જ નહીં વિરોધ પક્ષના નેતા હોદ્દા અંગે પણ ટિપ્પણીઓ થઈ હતી સભાનું સંચાલન તાલુકા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉપરાષ્ટ્રપતિ આજથી બે દિવસની દાનહ અને દમણની મુલાકાતે

વી.વીઆઈ.પી. મુલાકાતને પગલે દમણ જિલ્લો બે દિવસ 'નો ફ્લાઈંગ ઝોન' જાહેર કરાયો

વાપી, દમણ : ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન 11-12 સપ્ટેમ્બર, 2026 ના રોજ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની મુલાકાતે આવી રહ્યા છે. આ તેમની આ પ્રદેશની પ્રથમ મુલાકાત છે. તેમની મુલાકાત દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ સિલવાસાની ડૉ. એ.પી. જે. અબ્દુલ કલામ ગવર્નમેન્ટ કોલેજ ખાતે એક જાહેર કાર્યક્રમમાં ભાગ લેશે. ઉપરાષ્ટ્રપતિ સિલવાસામાં સ્વામી વિવેકાનંદ વિદ્યા મંદિર અને નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ અને દમણમાં તાજેતરમાં ઉદ્ઘાટન કરાયેલ નમો હોસ્પિટલ સહિત કેન્દ્રશાસિત પ્રદેશની મુખ્ય સંસ્થાઓ અને વિકાસલક્ષી પહેલોની પણ મુલાકાત લેશે. તેઓ દમણ નાઈટ માર્કેટ, રામસેતુ સીફ્રન્ટ અને નમોપથ સીફ્રન્ટ સહિતના મહત્વના પ્રવાસન અને વોટરફ્રન્ટ વિકાસ સ્થળોની પણ મુલાકાત લેશે.

વી.વીઆઈ.પી.નું વિમાન નાની દમણના નમો એરપોર્ટ પરથી લેન્ડિંગ અને ટેકઓફ કરવાનું હોવાથી સમગ્ર દમણ જિલ્લાને બે દિવસ માટે નો ફ્લાઈંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ આરતી અગ્રવાલે આ અંગે આદેશ જારી કર્યો છે. આદેશ મુજબ 11 થી 12 સપ્ટેમ્બર દરમ્યાન દમણ જિલ્લામાં ડ્રોન, પેરાગ્લાઈડર, હોટ એર બલૂન તથા હેલિકોપ્ટર સહિતની હવાઈ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ રહેશે. વી.વીઆઈ.પી.ના સુરક્ષિત હવાઈ આવાગમનમ અવરોધ ઊભો ન થાય તે હેતુથી આ નિર્ણય લેવાયો છે. આદેશનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આહવામાં સાગના કટિંગ સાથે 3 રંગેહાથ ઝડપાયા

આહવા-પૂર્વ રેંજના જંગલમાંથી સાગનું લાકડું અને મશીનરી સહિત કુલ રૂપિયા ૧.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

સાપુતારા : દક્ષિણ ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક નીરજકુમાર તથા મદદનીશ વન સંરક્ષક જૈનિલ દેસાઈના માર્ગદર્શન હેઠળ આહવા-પૂર્વ રેંજના વનકર્મીઓ દ્વારા ગેરકાયદેસર વૃક્ષ કટીંગ સામે હાથ ધરાયેલી ખાસ ઝુંબેશ દરમિયાન સાગના વૃક્ષનું ગેરકાયદેસર કટીંગ કરતા ત્રણ વ્યક્તિઓને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે.

આહવા-પૂર્વ રેંજના કંપા નં. ૧૨૯ના જંગલ વિસ્તારમાં ગત ૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાગના વૃક્ષનું ગેરકાયદેસર કટીંગ થઈ રહ્યું હોવાની બાતમી મળતા વનકર્મીઓએ ત્વરિત સ્થળ તપાસ કરી હતી. આ દરમિયાન ભરતભાઈ નાનુભાઈ નિંબારે, તુકારામભાઈ નાનુભાઈ નિંબારે અને નરેન્દ્રભાઈ નાનુભાઈ નિંબારે (તમામ રહે. બોરખેત, તા. આહવા, જિ. ડાંગ) સાગનું વૃક્ષ કાપતા રંગેહાથ ઝડપાઈ આવ્યા હતા. આ ત્રણેય વિરુદ્ધ ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આરોપીઓની તપાસ દરમિયાન ભરતભાઈ નિંબારેના બોરખેતના મકાનમાંથી સાગના પાટિયા તથા રંધા મશીન મળી આવ્યા હતા, આ ઉપરાંત, જંગલ વિસ્તારમાંથી કાપવામાં આવેલ સાગના વૃક્ષનો ૨.૩૫૪ ઘન મીટર જથ્થો (કિંમત અંદાજે રૂ. ૮૫,૦૦૦) પણ જપ્ત કરાયો છે. આમ, વન વિભાગે સમગ્ર ઓપરેશનમાં કુલ રૂ. ૧,૩૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સરાહનીય કામગીરી આહવા પૂર્વ રેંજ ફોરેસ્ટ ઓફિસર આરીફ બી. ઠેબા અને રેંજ સ્ટાફ દ્વારા સંયુક્ત રીતે પાર પાડવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભામાં ખોટા આદિજાતિ પ્રમાણપત્રોનો મુદ્દો ગાજ્યો

ધારાસભ્ય અનંત પટેલે નોકરી મેળવનારાઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી

વાંસદા : ગુજરાત વિધાનસભાના નવમા ચોમાસુ સત્ર દરમિયાન વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલે ખોટા આદિજાતિ પ્રમાણપત્રોનો ગંભીર મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે આવા પ્રમાણપત્રોના આધારે સરકારી નોકરી મેળવતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવાની અને ખોટા પ્રમાણપત્રો ત્વરિત રદ કરવાની માંગ કરી હતી.

પ્રશ્નોત્તરી દરમિયાન જસ્ટિસ કારિયા કમિટીની ભલામણો અને આદિજાતિ પ્રમાણપત્રોની ખરાઈ અંગે પ્રશ્ન રજૂ થયો હતો. વિધાનસભામાં અપાયેલા લેખિત જવાબ મુજબ, વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૨૩ અને તા. ૧ ઓગસ્ટ ૨૦૨૫ થી ૩૧ જુલાઈ ૨૦૨૬ દરમિયાન કુલ ૫૨ આદિજાતિ પ્રમાણપત્રો રદ કરવામાં આવ્યા છે.

આ મુદ્દે ધારાસભ્ય અનંત પટેલે આદિજાતિ મંત્રીને પેટાપ્રશ્નો પૂછીને અત્યાર સુધીમાં કેટલી વ્યક્તિઓના પ્રમાણપત્રોની ખરાઈ થઈ છે અને બાકી રહેલા પ્રશ્નોનું નિરાકરણ કેટલા સમયમાં આવશે તેની વિગતો માંગી હતી. જોકે, કેટલાક પેટાપ્રશ્નોના સ્પષ્ટ આંકડાકીય જવાબો ન મળ્યા હોવાનું સામે આવ્યું છે. મંત્રી તરફથી અત્યાર સુધીમાં આશરે ૩૪ ટકા પ્રમાણપત્રોની ખરાઈ કરાઈ હોવાનું જણાવાયું હતું. ધારાસભ્યે આક્ષેપ કર્યો હતો કે પાંચ જિલ્લાઓમાં ચારણ, ભરવાડ અને રબારી સમાજના કેટલાક લોકો દ્વારા 'નેસ'ના નામે ખોટા આદિજાતિ પ્રમાણપત્રો મેળવવામાં આવે છે. તેમણે માંગ કરી હતી કે ખોટા પ્રમાણપત્રોની ઝડપી ખરાઈ કરીને તેને રદ કરવામાં આવે અને તેના આધારે નોકરી મેળવનારાઓ સામે કાયદેસરની સખત કાર્યવાહી કરવામાં આવે.

ડુંગરામાં બાઈકની ટક્કરે મહિલા ઈજા

વાપી : ડુંગરા, ભોપાલીનગરની ચાલમાં રહેતા સમતુલ્લાહ ઝાકીર શાહની મમ્મી ડુંગરા, પાણીની ટાંકી પાસે રહેતા મામાની તબિયત સારી ન હોવાથી મળવા માટે ગયા હતાં. જે બાદ રાત્રે પરત આવી રહી હતી. ત્યારે માર્ગ ઓળંગતી વખતે બાઈકની ટક્કર લાગતા ઈજા પહોંચી હતી. જેમને હોસ્પિટલમાં ખસેડી હતી. અકસ્માત કરનાર બાઈકચાલક પ્રિન્સ યાદવ સામે વાપી ટ્રાફિક પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

સોસાયટીમાં પાણીના નિકાલની સમસ્યા

રહીશોએ વલસાડ કલેક્ટરને લેખિત રજૂઆત કરી

બોક્સ ડ્રેનેજનું લેવલ ઊંચું હોવા અને પાણીના નિકાલના અભાવે ચોમાસામાં ઘરોમાં પાણી ભરાવાની ગંભીર ભીતિ

વલસાડ : વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર 9 વિસ્તારમાં આવેલા ધરમપુર રોડ સ્થિત મહાદેવ નગર અને માધવપાર્ક સોસાયટીના રહીશોએ વરસાદી પાણીના ભરાવા અને તેના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે વેઠવી પડતી હાલાકી સંદર્ભે જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. સ્થાનિકોએ આ મામલે કાયમી ઉકેલ લાવવા માટે વહીવટી તંત્રની મદદ માંગી છે.

રહીશો દ્વારા કરવામાં આવેલી રજૂઆત મુજબ, દર ચોમાસામાં સોસાયટીની દક્ષિણે આવેલા આર.પી. એફ. મેદાન અને રોડ પરનું પાણી સીધું સોસાયટી તરફ વહી આવે છે. આ ઉપરાંત, ખ્રિસ્તી કબ્રસ્તાનને અડીને બનાવેલા સર્વિસ રોડ પાસે રેલવે તરફથી આવતા વરસાદી પાણીનું ચેમ્બર ઓવરફ્લો થઈને સમગ્ર વિસ્તારમાં ફરી વળે છે. હાલમાં આર એન્ડ બી વિભાગ દ્વારા બનાવવામાં આવી રહેલી બોક્સ ડ્રેનેજનું લેવલ ઊંચું હોવાને કારણે યોગ્ય નિકાલ થવાને બદલે પાણી સોસાયટી તરફ વહે છે. જેથી આ બોક્સ ડ્રેનેજને દંડીગયા સુધી લંબાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

વધુમાં, સુરમ્ય એપાર્ટમેન્ટના ચેમ્બરથી આગળ યોગ્ય નિકાલ ન હોવાથી સામાન્ય વરસાદમાં પણ સોસાયટીમાં લાંબો સમય સુધી પાણી ભરાઈ રહે છે. હાલ સોસાયટીનું 70 ટકા પાણી માધવપાર્ક થઈને ખુલ્લા પ્લોટ મારફતે નવજીવન સોસાયટી તરફ નીકળી જાય છે, પરંતુ આગામી દિવસોમાં તે ખુલ્લા પ્લોટમાં મકાન બાંધકામ શરૂ થવાનું હોવાથી આ માર્ગ પણ બંધ થઈ જશે. જો સમયસર વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં વિસ્તારના તમામ ઘરોમાં પાણી ભરાઈ જવાની ગંભીર ભીતિ સેવવામાં આવી રહી છે.

વોર્ડ નંબર 9 ના કાઉન્સિલર નિતેશ વશી દ્વારા પણ મ્યુનિસિપાલિટીમાં અગાઉ રજૂઆત કરવામાં આવી ચૂકી છે. સોસાયટીના હોદ્દેદારો અને રહીશોએ કલેક્ટર કચેરી ઉપરાંત ચીફ ઓફિસર અને નાયબ કાર્યપાલક ઈજનેર (માર્ગ અને મકાન વિભાગ)ને પણ આ આવેદનપત્રની નકલ પાઠવી તાત્કાલિક ધોરણે પાણીના નિકાલ માટે યોગ્ય પગલાં ભરવા વિનંતી કરી છે.

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસઃ 09, કમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-110057.
બ્રાન્ચ ઓફિસઃ શોપ નં. 3, બીજો માળ, પાશ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નં. 115/1, પેકી પ્લોટ નં. 1, નવસારી, ગુજરાત, પિન-396445

જાહેર નોટિસ (ખાનગી સંધિ દ્વારા સ્થાવર મિલકતનું વેચાણ)

[સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 8 અને નિયમ 9 સાથે વાંચવામાં આવતા નિયમ હેઠળ ખાનગી સંધિ દ્વારા વેચાણની નોટિસ]

સામાન્ય જનતાને અને ખાસ કરીને દેવાદાર/સહ-દેવાદાર ("દેવાદારો")ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત અસ્કયામત (મિલકત) જે હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ("સિક્યોર્ડ ક્રેડિટર") પાસે ગીરો મૂકેલ છે, જેનો કબજો અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે ખાનગી સંધિના માધ્યમથી "જેમ છે જ્યાં છે", "જેમ છે જેવું છે" અને "જે કાંઈ પણ છે" તેના આધારે વેચવામાં આવશે.
ખાનગી સંધિ દ્વારા વેચાણ આ પ્રકાશનની તારીખથી પંદર દિવસ (15 દિવસ) પછી કોઈપણ દિવસે થશે. વિગતો ખાસ કરીને નીચે મુજબ દર્શાવેલ છે.

લોન ખાતા નંબરઃ	દેવાદાર(ઓ)/સહ-દેવાદાર(ઓ)/ જામીનદાર(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/ કાનૂની પ્રતિનિધિનું નામઃ	ડિમાન્ડ નોટિસની તારીખઃ	અનામત કિંમત / બાનાની રકમ (EMD):	કબજાનો પ્રકાર
HHFNVSHOU22000025142 // HHFNVSIPL22000025144	શ્રી અબ્બાસ સુલેમાન ખલીફા, શ્રી શહનવાઝ અબ્બાસભાઈ ખલીફા, શ્રીમતી જમીલા અબ્બાસભાઈ ખલીફા	25/11/2024 (તારીખ 10-09-2026ના રોજ રૂ. 21,67,526/-)	રૂ. 9,50,000/- / રૂ. 9,50,000/-	પ્રત્યક્ષ

મિલકતનું વર્ણનઃ જમીન પ્લોટ નં. G-15 જેનું ક્ષેત્રફળ 47.260 ચો.મી. ગ્રાઉન્ડ ફ્લોર અને 1લો માળ મળીને કુલ બાંધકામ ક્ષેત્રફળ 105.00 ચો.મી., જે "શ્યામ નગર-2" તરીકે ઓળખાય છે, ગ્રામ પંચાયત રેગ. હાઉસ નં. 1123, રેવન્યુ સર્વે/બ્લોક નં. 495, (જૂનો સર્વે/બ્લોક નં. 495+496-498) પૈકી, (નવો બ્લોક/સર્વે નં. 1022), મોજે ગામ વાઘરેચ, સબ ડિસ્ટ્રિક્ટ ગણદેવી, ડિસ્ટ્રિક્ટ નવસારી, ગુજરાત રાજ્યમાં આવેલ છે.
મિલકતની સીમાઓઃ ઉત્તરઃ પ્લોટ નં. 14, દક્ષિણઃ પ્લોટ નં. 16, પૂર્વઃ ખુલ્લી જમીન, પશ્ચિમઃ રસ્તો.
અધિકૃત અધિકારીની વિગતોઃ નામઃ જીગ્નેશ સવુભાઈ સોલંકી
મોબાઈલઃ 7984178663 ઈમેલ ID: jignesh.solanki@herohfl.com
ખાનગી સંધિ અમલમાં મૂકવાની તારીખઃ 29/09/2026 પછી કોઈપણ દિવસે. ખરીદનાર ઓળખાયેલ છે હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ SARFAESI એક્ટ, 2002ની કલમ 13(4) હેઠળ શેડ્યૂલ મિલકત(ઓ)નો કબજો લીધો છે, જાહેર બોલી આમંત્રણ દ્વારા હરાજીના અગાઉના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે. તેથી, બહોળા પબ્લિકને જાણ કરવામાં આવે છે કે ઉપર જણાવેલ સુરક્ષિત મિલકત(ઓ) HHFLની બાકેલી રકમની વસૂલાત માટે HHFLને મંજૂર શરતો મુજબ "જેમ છે જ્યાં છે" અને "જેમ છે જેવું છે"ના આધારે ખાનગી સંધિ દ્વારા વેચાણ માટે ઉપલબ્ધ છે.

ખાનગી સંધિ દ્વારા મિલકતના વેચાણ માટેના પ્રમાણભૂત નિયમો અને શરતો નીચે મુજબ છેઃ
1. ખાનગી સંધિ દ્વારા વેચાણ "જેમ છે જ્ય